ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨
ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૫/૨૦–૨૧/ 3488
તારીખ : - 8 OCT 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ,**
પોલીસ સ્ટેશન સામે,
મું.કુંભણ,
તા.મહુવા,
જી.ભાવનગર.
**મો.નં. ૯૯૧૩૧૨૮૮૪૩**

કેસ નં.૦૫/૨૦–૨૧

**વિષય : ઓડીટ રીકવરી ના બિલ બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૫/૬/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૯/૧/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૨૦–૨૧/૧૯૫૧ તા.૧૦/૬/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૨૦–૨૧/૩૨૭૧ તા.૨૧/૦૯/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૩૦/૦૯/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
૨) શ્રી કાર્યપાલક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વિભાગીય કચેરી, **મહુવા.**
૩) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૧, **મહુવા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૦૫/૨૦–૨૧**

વાદી :– **શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

**રજુઆતની તારીખઃ– ૩૦/૦૯/૨૦૨૦**

હાજર રહયા :– **શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ** – (વાદી પોતે)

પ્રતિવાદી :– શ્રી એમ.કે.ભીગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ, મું. કુંભણ, તા.મહુવા, જી.ભાવનગર ની ઓડીટ રીકવરી ના બિલ બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૫/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૫/૨૦–૨૧/૧૯૫૧ તા.૧૦/૬/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૩૦/૦૯/૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી ભંડેરી ઘનશ્યામભાઈ સવજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એમ.કે.ભીગરાડીયા, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો વાદી શ્રી ઘનશ્યામભાઈ સવજીભાઈ, પોલીસ સ્ટેશન પાસે, મું.કુંભણ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારૂં ખેતીવાડી વિજ કનેકશન ૨૫ એચ.પી નું ગામ – .કુંભણ, ઉપર મુજબ ના સ્થળે આવેલ છે. અમારી પીજીવીસીએલ કચેરી મહુવા રૂરલ–૧ છે. અમારૂં ખેતીવાડી વિજ કનેકશનનું બિલ રાબેતા મુજબ જ ભરીએ છીએ.

૧.૩ વિજ વપરાશ થાય નહી છતાં, કંપની ના નિયમ મુજબ ફીકસ ચાર્જ જે આવે છે તે અમે ભરીએ છીએ. છતાં, અમારા વિજ બિલમાં જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૨૦ નું તા.૪/૩/૨૦૨૦ ના બિલમાં રૂા.૧૪૭૨૦.૮૯ બાકી આવેલ.જેથી, હું મહુવા રૂરલ–૧ ઓફીસ ના નાયબ ઈજનેરશ્રી ને મળેલ, તેમણે જણાવેલ કે તમારૂં મીટર બદલાવેલ છે. તેના છે. મેં જણાવેલ કે, મીટર બળેલ નથી મને વિગતવાર જવાબ આપો તેમણે જણાવેલ કે , લેખિતમાં અરજી આપો.

૧.૪ મારા દ્વારા તા.૯/૩/૨૦૨૦ ના રોજ લેખિતમાં અરજી આપેલ તેમણે અરજી સ્વીકારેલ નહી. ત્યારબાદ, હું મહુવા ડિવિઝન કચેરીમાં દર મહિનાની ૧૦ તારીખે બપોરે ૩.૩૦ વાગ્યે દરેક ગ્રાહકોની ફરીયાદ સાંભળી ફરીયાદ નો નિકાલ કરવામાં આવે છે, તેથી હું તા.૧૧/૩/૨૦૨૦ ના રોજ ડિવિઝન કચેરીએ ફરીયાદ કરવા ગયેલ અને તેમને નાયબ ઈજનેરશ્રી મહુવા રૂરલ– ૧ ને ગ્રાહકની અરજી લઈ લેખિતમાં જવાબ આપવા જણાવેલ. ત્યારબાદ, ફરીવાર લેખિતમાં અરજી આપેલ ઈન્વર્ડ નં– ૩૦૭ તા.૧૧/૩/૨૦૨૦ જેનો મને લેખિતમાં જવાબ આપેલ.

૧.૫ ભાવનગર સર્કલ ના ઓડીટ કર્મચારીએ મે–૨૦૧૬ સુધીમા '' ૦ '' યુનિટ ના રીડીગ આવેલ તેના યુનિટનું બિલ આપવામાં આવેલ છે. ઓડિટ કોને કહેવાય તે કર્મચારીને જાણ નથી. આવા બિલ આપાવાનો કોઈ નિયમ નથી.આવા બેદરકાર કર્મચારીએ કોની સલાહ લઈને અનેક ગ્રાહકોને આવા ખોટા બિલ આપેલ છે. કંપની ના કામમાં બેદરકારી ચાલે નહી નિયમ મુજબ કર્મચારી પર પગલા લેવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત:– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ અરજદાર નું નામ – શ્રી ઘનશ્યામભાઈ સવજીભાઈ ભંડેરી (ગાહકના પ્રતિનિધિ)
ગ્રાહકનું નામ – સવજીભાઈ ગગજીભાઈ
ગ્રાહક નંબર–૩૭૦૫૫/૦૫૦૨૩/૫
કેટેગરી – A2, 25 HP
રીલીઝ તારીખ– ૨૬/૧૦/૨૦૦૭

૨.૨ વાદી ની સદર અરજી અન્વયે, મહુવા રૂરલ – ૧ સબ ડિવિઝન દ્વારા તા.૧૭/૬/૨૦૨૦ ના રોજ જવાબ આપવામાં આવેલ છે. વાદીશ્રી સવજીભાઈ ગગજીભાઈ ને માહે મે–જુન–૨૦૧૬, જુલાઈ–ઓગષ્ટ–૨૦૧૬, તેમજ સપ્ટેમ્બર–ઓકટોબર– ૨૦૧૬ મા '' ૦ '' યુનિટ ના બિલ આપવામાં આવેલ હતા.

P.G.V.C.L. Bhavnagar

૨.૩ વાદી ને માહે નવેમ્બર બિલ્ડ ઈન ડિસેમ્બર– ૨૦૧૬ નુ ''૧'' નું ૬૧૪૦ યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. સપ્લાય કોડ– ૪/૨૦૧૫ ના સેકશન – ૬ ના કલોઝ નં–૬.૫૮ મુજબ ખામીયુકત /ચેંટી ગયેલ/ બંધ/બળેલા મીટર કેસમાં મીટર ખામી પૂર્ણ જણાય/જણાવાય તે તારીખથી તરત અગાઉના છેલ્લા ત્રણ બિલીગ અવધિના સરેરાશ વપરાશના બિલોને આધારે ગ્રાહકને બિલ આપવું. પૂરતી વિગત પ્રાપ્ય ના હોય તો, તે પછીની મુદત ના બે/ત્રણ બિલ ની અવધિ દરમ્યાન થયેલ સરેરાશ વપરાશ ગણતરીમાં લઈ શકાય આ ખર્ચ અધિકતમ માત્ર ત્રણ બિલીગ અવધિની મુદત માટે વસુલવાપાત્ર થશે. (જેની નકલ આ સાથે સામેલ છે. )

૨.૪ સર્કલ ઓફીસ ભાવનગર ની ઓડીટ ટીમ દ્વારા વર્ષ ૨૦૧૭–૧૮ નું ઓડીટ તા.૩/૭/૨૦૧૯ થી તા.૧૨/૭/૧૯ દરમ્યાન કરવામાં આવેલ અને તેમના ઓડીટ રીપોર્ટ પત્ર નં– BVNC/IA&I/3592 dtd.03.08.2019 ના પારા નં– ૧.૫ મુજબ બંધ/બળેલા મીટરની ઓડીટ રીકવરી કાઢવામાં આવેલ.

૨.૫ વાદીનું ખેતીવાડી વિજ કનેકશનનું મીટરના પ્રફોર્મા –૧૫ નં–૬૪૬૨૫ તા.૧૧/૫/૨૦૧૭ ના રોજ બદલવામાં આવેલ છે. (જેની નકલ આ સાથે સામેલ છે.)

૨.૬ વાદીને મીટર બદલવા અંગેના પ્રફોર્મા –૧૫ ની કોપીમાં લેબ પરીક્ષણ માટે મહુવા મીટર લેબોરેટરીમાં ખોલવા માટે જે તારીખે ઉપસ્થિત રહેવાનુ હોય છે જે ત્રણ તારીખ આપવામાં આવેલ હતી. પરંતુ, સદર તારીખો દરમ્યાન, વાદી કે તેના પ્રતિનિધિ હાજર રહેલ નહી.

૨.૭ વાદી લેબ પરીક્ષણ માટે હાજર રહેલ ના હોવાથી, તા.૧૬/૧૧/૨૦૧૭ ના રોજ વાદીની હાજરી વિના મીટર લેબોરેટરીમાં સદર વિજ મીટર નું લેબ પરીક્ષણ કરેલ.(જેની નકલ આ સાથે સામેલ છે.)

૨.૮ સદર લેબ પરીક્ષણ માં મીટર ( બળેલ) દર્શાવેલ છે. જેથી, સપ્લાય કોડ મુજબ બંધ/બળેલા મીટર કેસમાં મીટર ખામી પૂર્ણ જણાય/જણાવાય તે તારીખ થી તરત અગાઉના છેલ્લા ત્રણ બિલીગ અવધિના સરેરાશ વપરાશ ના બિલોને આધારે ગ્રાહકને બિલ આપવું. પૂરતી વિગત પ્રાપ્ય ના હોય તો, તે પછીની મુદત ના બે/ત્રણ બિલ ની અવધિ દરમ્યાન થયેલ સરેરાશ વપરાશ ગણતરીમાં લઈ બિલ આપવું અને તે મુજબ અગાઉના ત્રણ બિલીગની સરેરાશ ગણી, વાદી ના લેઝરમાં ડેબીટ ભરવામાં આવેલ છે.

૨.૯ જે ઓડીટ પારા મુજબ વાદીના લેઝરમાં તા.૩/૨/૨૦૨૦ ના રોજ આઈ.ડી નં–૨૬૫૫૭૭૯૪ થી રૂ.૧૪૭૩૬/– ની ડેબિટ નાંખવામાં આવેલ છે. જે વાદી દ્વારા સદર રકમ ભરપાઈ કરવામાં આવેલ છે.

૨.૧૦ આમ, વાદીને આપવામાં આવેલ બિલ યોગ્ય છે. જે ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી ઘનશ્યામભાઈ સવજીભાઈ ગામ–કુંભણ, તા.મહુવામાં ગ્રાહક નંબર–૩૭૦૫૫/૦૫૦૨૩/૫ થી A2, ટેરીફ કેટેગરી નું 25 HP નું વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદી ને ૨૦૧૬ ના મે–જુન–બિલ્ડ ઈન જુલાઈ, જુલાઈ–ઓગષ્ટ બિલ્ડ ઈન સપ્ટેમ્બર, અને સપ્ટે–ઓકટો બિલ્ડ ઈન નવેમ્બર ના દ્વીમાસિક વિજ વપરાશ તરીકે '' ૦ '' યુનિટ ના વિજ બિલ પ્રતિવાદી એ આપેલ. ત્યારબાદ, માર્ચ અને મે –૨૦૧૬ ના વિજ બિલ માં પ્રતિવાદી એ વાદી ને અનુક્રમે ૬૧૪૦ અને ૭૦૦૦ યુનિટ ની વિજ વપરાશ ના બિલ મીટરનું સ્ટેટસ '' F '' ગણી એવરેજ યુનિટ નું બિલ આપેલ.

૩.૩ પ્રતિવાદીની ઓડીટ ટીમે તેના ઓડીટ દરમ્યાન, વાદી ને જુલાઈ–૧૬, સપ્ટેમ્બર–૧૬, નવેમ્બર–૧૬ માસ દરમ્યાન, ના '' ૦ '' યુનિટ ના બિલ સામે સપ્લાય કોડ – ૪/૨૦૧૫ ના સેકશન – ૬ ના કલોઝ નં–૬.૫૮ મુજબ એવરેજ બિલ આપવા માટે સૂચવેલ.

૩.૪ પારા નં– ૩.૩ મુજબ પ્રતિવાદી એ વાદીને સૂચવેલ મહિના માટે રૂા.૧૪૭૨૦/– નું એવરેજ બિલ જાન્યુ–ફેબ્રુ–૨૦૨૦ ના વિજ બિલ માં વધારાના બિલ તરીકે આપેલ.

૩.૫ પ્રતિવાદી એ વાદીના મીટરને તા.૧૬/૧૧/૨૦૧૭ ના રોજ મીટર ટેસ્ટીંગ લેબમાં મીટર પરીક્ષણ કરેલ. મીટર પરીક્ષણમાં વાદીનું ૩ ફેઈઝ મીટર બળેલ (બર્ન્ટ મીટર) માલૂમ પડેલ. આથી, વાદીને જુલાઈ–સપ્ટેમ્બર–નવેમ્બર–૨૦૧૬ ના '' ૦ '' યુનિટ ના વિજ વપરાશ સામે અપાયેલ એવરેજ બિલ રૂા.૧૪૭૨૦/૮૯ યોગ્ય છે. તે વાદી એ ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum
F.G.V.C.L.
Bhavnagar

## —:: હુકમ ::—

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| (શ્રીમતી જે.એમ. મેહતા) | (પી. એન. અજાકીયા) | (એમ. આર.વજરીયા) |
| સ્વતંત્ર સભ્યશ્રી | ટેકનીકલ સભ્યશ્રી | અધ્યક્ષશ્રી, |
| | | ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ |
| | | પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર. |

તારીખ :– ૩૦/૯/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar